કરજણના કંડારી ગામે જળ સંચયના ધજાગરા તળાવ ઊંડું કરવાને બદલે માટી નાખી પૂરી દેવાયું

ગાયકવાડી શાસન સમયનું ઐતિહાસિક તળાવ અને પ્રાચીન વાવ પુરાણ કરી દેવાતા ગ્રામજનોમાં રોષ; જાગૃત યુવાને કલેક્ટર સુધી કરી લેખિત ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.૮

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આવેલા કંડારી ગામે તંત્ર અને ગ્રામ પંચાયતની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. એક તરફ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા જળ સંચય અને જળ સંગ્રહ માટે કરોડો રૂપિયાના ખર્ચે 'સુજલામ સુફલામ' જેવી યોજનાઓ ચલાવીને જળાશયો ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ કંડારી ગામમાં આનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિ જોવા મળી રહી છે. અહીં ગામના વર્ષો જૂના ઐતિહાસિક તળાવને ખોદવાને બદલે તેને માટી નાખીને પૂરી દેવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે.

કંડારી ગામમાં ગાયકવાડી શાસન સમયનું અત્યંત જૂનું અને મોટું તળાવ આવેલું છે. આ જળાશય ગામ માટે જળ સ્તર જાળવી રાખવા અને પશુ-પક્ષીઓ માટે પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી ગ્રામ પંચાયત દ્વારા આ તળાવના અમુક ભાગમાં મોટા પાયે માટીનું પુરાણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે જે તળાવની ફરતે પ્રોટેક્શન વોલ પણ બનેલી છે, તેને જ પંચાયતના કેટલાક હોદ્દેદારોના પ્રોત્સાહનથી પૂરી દેવામાં આવી રહ્યું હોવાના આક્ષેપો થયા છે. આ સમગ્ર મામલો ત્યારે બહાર આવ્યો જ્યારે ગામના જાગૃત યુવાન કૃષ્ણકુમાર તડવીએ આ ગેરકાયદે કામગીરીનો વિરોધ કર્યો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, તળાવની નજીક આવેલી ખાનગી જમીન માલિકોના સ્વાર્થ ખાતર તળાવની અડધી જમીનમાં પુરાણ કરી દેવામાં આવ્યું છે. આટલું જ નહીં,

આ પુરાણને કારણે વર્ષો જૂની વાવ અને સ્ત્રીઓ માટે કપડાં ધોવા માટે બનાવેલા ઓવારા પણ માટી નીચે દટાઈ ગયા છે. ઐતિહાસિક વિરાસત સમાન આ સ્થાપત્યો પર જે રીતે માટી ફેરવી દેવામાં આવી છે તેને લઈ ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટના અંગે જાગૃત નાગરિકો દ્વારા મામલતદાર, પ્રાંત અધિકારી અને જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

તળાવને તેની મૂળ સ્થિતિ લાવવા માગણી

ફરિયાદીનું કહેવું છે કે પંચાયતમાં રજૂઆત કરવા છતાં સત્તાધીશો દ્વારા કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો નથી. ગ્રામજનોની માંગ છે કે જે તળાવને પૂરી દેવામાં આવ્યું છે તેને તાત્કાલિક તેની મૂળ સ્થિતિમાં લાવવામાં આવે અને આ કાયદેસરના જળાશય પર દબાણ કરનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. હાલમાં આ મુદ્દો સમગ્ર તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો છે અને તંત્ર આ મામલે કેવા પગલાં ભરે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

'ધ વિસ્ટા રેસિડેન્સી' કેસ

અફવાખોરો અને જવાબદાર પોલીસ અધિકારીઓ સામે કાયદાનો સકંજો કસાયો

કોર્ટે સત્ય પર મહોર મારી: ફાયર, રેરા અને VMC ની પરવાનગીઓ કાયદેસર

પોલીસ અત્યાચાર મામલે ઐતિહાસિક FIR નો આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.૮

ફતેહગંજ વિસ્તારમાં આવેલા 'ધ વિસ્ટા રેસિડેન્શિયલ' (ઇનબ્રિક્સ ડેવલપર્સ) પ્રોજેક્ટને લઈને ચાલી રહેલા વિવાદમાં હવે પોલીસની એન્ટ્રી અને કોર્ટના આકરા વલણથી ખળભળાટ મચી ગયો છે. એક તરફ કોર્ટે પ્રોજેક્ટ વિરુદ્ધ ભ્રામક પ્રચાર કરનાર સુધાબેન જે. પટેલને માનહાનિના કેસમાં સમન્સ પાઠવ્યા છે, ત્યાં બીજી તરફ ફતેહગંજ પોલીસ મથકના અધિકારીઓ દ્વારા સત્તાનો દુરુપયોગ કરી મારપીટ કરવાના મામલે કોર્ટે FIR નોંધવાનો ઐતિહાસિક આદેશ આપ્યો છે.

ઘટનાની વિગત મુજબ, ફતેહગંજ પોલીસ સ્ટેશન ખાતે સિરાજ બહેરામ કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલી એક અરજીના આધારે મજીદખાન પઠાણને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. આક્ષેપ છે કે, PSI ડી.એસ. પટેલ અને 5 થી 7 પોલીસ સ્ટાફની હાજરીમાં મજીદખાન સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હતું. PSI એ અપશબ્દો બોલી, ગળું પકડીને મારપીટ કરી હતી અને છાતીના ભાગે મુક્કા તેમજ ગાલ પર થપ્પડ મારતા મજીદખાનને કાનમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. એટલું જ નહીં, વિવાદિત જમીન ખાલી કરી દેવા અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ પણ આપવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો થયા છે.

મજીદખાન પઠાણે પોતાની માલિકીના દસ્તાવેજો અને સિવિલ કેસના પુરાવા રજૂ કર્યા હોવા છતાં પોલીસે તે ધ્યાને લીધા ન હતા. અંતે આ મામલો વડોદરાની 13મી એડિશનલ સિવિલ જજ અને JMFC કોર્ટમાં પહોંચ્યો હતો. તાજેતરમાં 01 મે 2026 ના રોજ કોર્ટે નોંધ્યું હતું કે, અરજદાર દ્વારા રજૂ કરાયેલા મેડિકલ રિપોર્ટ અને પુરાવાઓ પ્રાથમિક દ્રષ્ટિએ જાહેર સેવક દ્વારા સત્તાનો દુરુપયોગ, મારપીટ અને ધમકીના ગુનાઓ દર્શાવે છે. આથી કોર્ટે ફતેહગંજ પોલીસને આ મામલે FIR નોંધી સ્વતંત્ર તપાસ કરવાનો આદેશ કર્યો છે.

આ ઘટનાએ વડોદરામાં સિવિલ વિવાદોમાં પોલીસના હસ્તક્ષેપ અને માનવ અધિકારોના ઉલ્લંઘન અંગે ગંભીર ચર્ચાઓ જગાવી છે. હાલમાં કોર્ટના આદેશ બાદ પોલીસ વિભાગમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

પરવાનગીઓ યથાવત, અફવા ફેલાવનાર સામે કાયદાકીય ગાળિયો

પ્રોજેક્ટના ડેવલપર્સ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે 'ધ વિસ્ટા રેસિડેન્શિયલ' ની તમામ પરવાનગીઓ જેમ કે ફાયર સેફ્ટી, રેરા રજિસ્ટ્રેશન, VMC ની બાંધકામ મંજૂરી અને રાજચિત્તી સંપૂર્ણપણે કાયદેસર છે અને કોઈ પણ સત્તામંડળ દ્વારા તેને રદ કરવામાં આવી નથી. ખોટા આક્ષેપો કરનાર સુધાબેન જે. પટેલ સામે કોર્ટે માનહાનિના કેસમાં કડક વલણ દાખવી કોર્ટમાં હાજર રહેવા ફરમાન કર્યું છે. આમ, પ્રોજેક્ટને બદનામ કરનારા તત્વો અને સત્તાનો દુરુપયોગ કરનાર પોલીસ અધિકારીઓ બંને સામે હવે કાયદાનો સકંજો કસાયો છે.

અકોટા વિસ્તારમાં ગાંજાનુ વેચાણ કરતો કેરીયર ઝડપાયો: સપ્લાયર ફરાર

એલસીબી ઝોન-02 અને અકોટા પોલીસની સંયુક્ત કાર્યવાહી

ગાંજાનો જથ્થો અને રોકડ રકમ સહિત રૂ.1.99 લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.૮

વડોદરા શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી પર લગામ કસવા પોલીસ દ્વારા સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તેવામાં અકોટા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ગાંજાનું છૂટક વેચાણ કરતા એક યુવકને એલસીબી ઝોન-02 તથા અકોટા પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ગાંજો, રોકડ રકમ, મોબાઈલ અને ડિજિટલ વજન કાંટા સહિત કુલ રૂ.1.99 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

એલસીબી ઝોન-2ની ટીમ નશીલા પદાર્થોના નશા યુક્ત પદાર્થોનું વેચાણ કરતા શખ્સોને ઝડપી પાડવા માટે વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે બાતમી મળી હતી કે અકોટા ટી-પોસ્ટ પાસે એક યુવક ગાંજાનું વેચાણ કરી રહ્યો છે. જેથી બાતમીના આધારે પોલીસ ટીમ દ્વારા સ્થળ પર રેડ કરવામાં આવી હતી. જ્યાં એક યુવક શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. તપાસ કરતાં તેની પાસેથી 48.58 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે આરોપી જીગર તોનુરામ બિસ્વાસ (રહે. ગોપાલ સોસાયટી, બાજવા) ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે ગાંજાનો સપ્લાયર તરીકે મોઈન નામના વ્યક્તિ વોન્ટેડ જાહેર કર્યો છે.

પોલીસે આરોપી પાસેથી રૂ.1.70 લાખનો ગાંજો, રૂ.23,500 રોકડા, ડિજિટલ વજન કાંટો અને સેમસંગ કંપનીનો મોબાઈલ મળી રૂ.1.99 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

સયાજીબાગમાં લાલ મોઢાવાળા માકડાએ બાળક પર હુમલો કરતા ફફડાટ

હિંસક માકડાને પકડવા વન અને ઝૂ વિભાગ દ્વારા નદીકાંઠે પાંજરા ગોઠવાયા

ટ્રાન્ક્વીલાઈઝર ગનની મદદથી માકડાને બેહોશ કરી કાબૂમાં લેવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.૮

વડોદરાનું લોકપ્રિય પ્રવાસન સ્થળ સયાજીબાગ છેલ્લા કેટલાક દિવસોથી એક લાલ મોઢાવાળા હિંસક માકડાના આતંકને કારણે ચર્ચામાં આવ્યું છે. બુધવારે આ માકડાએ પાંચ વર્ષના બાળક પર હુમલો કરતા મુલાકાતીઓમાં ભયનો માહોલ ફેલાયો હતો.

માહિતી મુજબ, પરિવાર સાથે સયાજીબાગ ફરવા આવેલા બાળક પર માકડાએ અચાનક હુમલો કર્યો હતો. હુમલામાં બાળકના ગાલ અને ચહેરાના ભાગે ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે બાગમાં અફરાતફરી મચી ગઈ હતી. લોહીલુહાણ હાલતમાં બાળકને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને સારવાર સાથે ટાંકા લેવા પડ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઘટના બાદ વન વિભાગ અને સયાજીબાગ ઝૂ સત્તાધીશો તાત્કાલિક હરકતમાં આવ્યા છે. માકડાને પકડવા માટે બાગના વિવિધ વિસ્તારોમાં પાંજરા ગોઠવવામાં આવ્યા છે. પાંજરામાં ફળો અને અન્ય ખોરાક મૂકીને તેને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જરૂર પડે તો ટ્રાન્ક્વીલાઈઝર ગનની મદદથી માકડાને બેહોશ કરી કાબૂમાં લેવાની તૈયારી પણ રાખવામાં આવી છે.

રેસ્ક્યુ ટીમ માટે વિશ્વામિત્રી નદી કિનારાની ગીચ ઝાડીઓ સૌથી મોટો પડકાર બની છે. માકડો હુમલો કર્યા બાદ તરત જ ઝાડીઓમાં સંતાઈ જતો હોવાથી તેને પકડવામાં મુશ્કેલી પડી રહી છે.

સુરક્ષા માટે સયાજીબાગમાં વધારાના ગાર્ડ્સ તૈનાત કરાયા છે અને મુલાકાતીઓને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. શહેરવાસીઓ હવે આ હિંસક માકડો ઝડપાઈ જાય તેવી રાહ જોઈ રહ્યા છે.

કોલેજોને ફોર્મ ભરી આપવાની સૂચના ,પ્રવેશ પ્રક્રિયા વધુ સરળ બનશે

GCAS પોર્ટલ પર વિદ્યાર્થીઓ હવે નજીકની કોલેજમાં જઈને ફ્રીમાં ફોર્મ ભરાવી શકશે

એક જ પોર્ટલ પરથી વિદ્યાર્થી અનેક કોલેજો માટે અરજી કરી શકશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.૮

રાજ્યમાં ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જીકાસ પોર્ટલ દ્વારા ચાલી રહેલી પ્રક્રિયાને વધુ વિદ્યાર્થી-લક્ષી બનાવવા મહત્વનો નિર્ણય લેવાયો છે. શિક્ષણ વિભાગ દ્વારા તમામ કોલેજોને સૂચના આપવામાં આવી છે કે, વિદ્યાર્થીઓ નજીકની કોઈપણ કોલેજમાં જઈને જીકાસ પોર્ટલ પર ફ્રીમાં ફોર્મ ભરાવી શકશે.

અત્યાર સુધી ઘણા વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવામાં ટેકનિકલ મુશ્કેલી પડતી હતી અથવા સાયબર કાફેમાં પૈસા ખર્ચવા પડતા હતા. આ સમસ્યાના નિરાકરણ માટે હવે દરેક કોલેજે વિદ્યાર્થીઓના ફોર્મ જીકાસ પોર્ટલ પર ભરી આપવાના રહેશે આ સેવા વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે. જીકાસ પોર્ટલ દ્વારા રાજ્યની સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં આર્ટસ, કોમર્સ, સાયન્સ, બીબીએ, બીસીએ, બીએડ જેવા અભ્યાસક્રમોમાં કોમન એડમિશન પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. એક જ પોર્ટલ પરથી વિદ્યાર્થી અનેક કોલેજો માટે અરજી કરી શકે છે. શિક્ષણ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ નિર્ણયથી ગ્રામ્ય વિસ્તારના અને ટેકનોલોજીથી અજાણ વિદ્યાર્થીઓને મોટી રાહત થશે અને પ્રવેશ પ્રક્રિયા વધુ પારદર્શક અને સરળ બનશે.

વિદ્યાર્થીઓને થશે ફાયદો

1. નજીકની કોલેજમાં સુવિધા : વિદ્યાર્થીએ દૂર જવાની જરૂર નહીં પડે, પોતાના વિસ્તારની કોઈપણ કોલેજમાં જઈને મદદ લઈ શકશે.
2. ખર્ચમાં બચત: સાયબર કાફે કે ખાનગી વ્યક્તિને પૈસા આપવાની જરૂર નહીં પડે.
3. ભૂલની શક્યતા ઓછી: કોલેજના સ્ટાફ દ્વારા ફોર્મ ભરાતા માહિતીમાં ભૂલ થવાની શક્યતા ઘટશે.

ઈલોરાપાર્કના બંધ મકાનમાંથી ચાંદીની મૂર્તિઓ, સિક્કા અને રોકડની ચોરી

દશામાતા મંદિર પાસે રહેતા ત્રણ ચોરની ધરપકડ, બે કિશોરોની પણ સંડોવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.૮

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ગોરવા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓએ ઈલોરા પાર્ક સ્થિત સિટીઝન સોસાયટીના બંધ મકાનને નિશાન બનાવી ચાંદીની મૂર્તિઓ, પૂજાપાઠના સાધનો અને રોકડ રકમ સહિત રૂ.1.50 લાખની ચોરી કરી હતી. પોલીસે ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીઓને ઝડપી પાડી ચોરીનો 100 ટકા મુદ્દામાલ રીકવર કર્યો છે, જ્યારે બે કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોની સંડોવણી પણ બહાર આવી છે.

ઈલોરા પાર્ક વિસ્તારમાં આત્મજ્યોતિ આશ્રમ પાસેની સીટીઝન સોસાયટીમાં રહેતા કિરીટ ધીરજલાલ હાથી નોધાવેલી ફરિયાદી મુજબ 31 માર્ચથી તા.3 મે દરમિયાન કોઈ અજાણ્યા શખ્સોએ તેમના બંધ મકાનને નિશાન બનાવી ચાંદીની વિવિધ મૂર્તિઓ, પૂજાપાઠના સાધનો, ચાંદીના સિક્કા તથા રોકડ રૂ.20 હજાર મળી કુલ રૂ.1.50 લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ગોરવા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એન. લાઠીયાએ ચોરીનો ઉકેલવા માટે ટીમને સૂચના આપી હતી. તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે દશામાતા મંદિર સામેની ઝૂંપડપટ્ટીમાં રહેતા સુરેશ દંતાણી અને પ્રવીણ દેવીપુજકે અન્ય સાગરિતો સાથે મળીને સિટીઝન સોસાયટીમાં ચોરી કરી હતી અને હાલ દશામાતા મંદિર પાસે હાજર છે. જેના આધારે પોલીસે સુરેશ ગોપાલ દંતાણી, પ્રવીણ રાજુ દેવીપુજક અને રોહિત મહેશ વાઘરીને ઝડપી પાડ્યા હતા. તેમની પૂછપરછ દરમિયાન આરોપીઓએ ઈલોરા પાર્ક સ્થિત બંધ મકાનમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે તેમની પાસેથી ચાંદીની મૂર્તિઓ, પૂજાપાઠના સાધનો, ચાંદીના સિક્કા અને રોકડ મળી રૂ.1.50 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પ.રેલવે રેલ સપ્તાહ સમારોહમાં વડોદરા મંડળને 10 પ્રતિષ્ઠિત કાર્યક્ષમતા શિલ્ડ પ્રાપ્ત

મંડલ રેલ પ્રબંધક રાજુ ભડકેએ આ સફળતાને સામૂહિક પ્રયત્નોનું ફળ ગણાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.૮

પશ્ચિમ રેલવેના 71મા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહનું આયોજન 8 મે, 2026ના રોજ મુંબઈના નરીમન પોઈન્ટ સ્થિત યશવંતરાવ ચવ્હાણ ઑડિટોરિયમ ખાતે ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. દર વર્ષે યોજાતા આ સમારોહમાં પશ્ચિમ રેલવેના વિવિધ મંડળો અને એકમોના અધિકારીઓ તથા કર્મચારીઓની ઉત્કૃષ્ટ કામગીરી અને સમર્પણને સન્માનિત કરવામાં આવે છે.

આ પ્રસંગે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેયે વર્ષ 2025-26 દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મંડળો અને એકમોને કુલ 28 કાર્યક્ષમતા શિલ્ડો એનાયત કરી હતી. તેમાં વડોદરા મંડળે નોંધપાત્ર પ્રદર્શન સાથે કુલ 10 પ્રતિષ્ઠિત કાર્યક્ષમતા શિલ્ડ મેળવી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ જણાવ્યું હતું કે, મંડળના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમવર્ક, મહેનત અને પ્રતિબદ્ધતાના પરિણામે આ સફળતા પ્રાપ્ત થઈ છે. તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ વધુ ઉત્તમ કામગીરી કરીને વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની આશા વ્યક્ત કરી હતી. વડોદરા મંડળને અકાઉન્ટ શિલ્ડ, કમર્શિયલ શિલ્ડ, ટ્રેક્શન શિલ્ડ, મેડિકલ શિલ્ડ, સ્ક્રેપ મોબિલાઈઝેશન શિલ્ડ અને પ્રતાપનગર વર્કશોપ માટે શ્રેષ્ઠ વર્કશોપ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ઉપરાંત સિવિલ એન્જિનિયરિંગ શિલ્ડ અમદાવાદ મંડળ સાથે સંયુક્ત રીતે, EnhM ટ્રોફી રતલામ મંડળ સાથે, સેફ્ટી શિલ્ડ ભાવનગર મંડળ સાથે અને સિક્યુરિટી શિલ્ડ મુંબઈ સેન્ટ્રલ મંડળ સાથે સંયુક્ત રીતે પ્રાપ્ત થઈ હતી.

સંયુક્ત રીતે પ્રાપ્ત થયેલી શિલ્ડ બંને મંડળો પાસે છ-છ મહિના સુધી રહેશે. જેમાં સિવિલ એન્જિનિયરિંગ શિલ્ડ પ્રથમ છ મહિના વડોદરા અને ત્યારબાદ અમદાવાદ મંડળ પાસે રહેશે. આ જ રીતે અન્ય સંયુક્ત શિલ્ડો પણ નિર્ધારિત સમયગાળા મુજબ સંબંધિત મંડળો પાસે રાખવામાં આવશે.

પોલીસ તપાસમાં યુવતીનો ભાંડો ફૂટ્યો

વાઘોડિયા રોડ પર ઝેર પીવડાવ્યાની વાત પોલીસ તપાસમાં ખોટી નીકળી

પ્રેમ સંબંધ છુપાવવા યુવતીએ રચ્યું હુમલાનું નાટક : ફિનાઈલ પીને નખથી જાતે જ ઉઝરડા કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા. ૮

વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં ૧૯ વર્ષીય યુવતી પર અજાણ્યા શખ્સોએ હુમલો કરી ઝેર પીવડાવ્યાની ચકચારભરી ઘટના આખરે પોલીસ તપાસમાં ખોટી સાબિત થઈ છે. પાણીગેટ પોલીસે તપાસ દરમિયાન યુવતીએ પોતે જ હુમલાનું નાટક રચ્યું હોવાનું બહાર આવ્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ યુવતીનો લઘુમતી કોમના એક યુવક સાથે પ્રેમ સંબંધ હતો. બંને વચ્ચે થયેલી મોબાઈલ ચેટ યુવતીની માતાના ધ્યાનમાં આવી જતા પરિવારમાં તણાવ સર્જાયો હતો. આ વાત પર પડદો નાખવા માટે અને પોતે નિર્દોષ હોવાનું સાબિત કરવા યુવતીએ હુમલાની ખોટી વાર્તા અને નાટક ઊભું કર્યું હતું.

પોલીસ દ્વારા જીણવટ ભરી તપાસ કરતા સામે આવ્યું છે કે યુવતી ઘરેથી નીકળતી વખતે ફિનાઈલ પી ગઈ હતી. ત્યારબાદ તેણે બજારમાંથી ચાકુ પણ ખરીદ્યું હતું, પરંતુ પોતાને ગંભીર ઈજા પહોંચાડવાની હિંમત ન થતા પેટના ભાગે નખથી ઉઝરડા કરી હુમલો થયાનો દેખાવ કર્યો હતો. બનાવ બાદ યુવતીને સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ત્યાં તબીબોએ તપાસ કરતાં શરીર પર ચાકુના કોઈ ઘા કે ગંભીર ઈજાના નિશાન ન મળતા શંકા વ્યક્ત કરી હતી. ત્યારબાદ પાણીગેટ પોલીસે યુવતીની કડક પૂછપરછ હાથ ધરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન યુવતી ભાંગી પડી હતી અને આખરે તેણે પોતે જ હુમલાનું નાટક રચ્યું હોવાનું કબૂલ્યું હતું. યુવતીના નિવેદન બાદ પોલીસે સમગ્ર ઘટનાની હકીકત બહાર લાવી હતી.

માતૃ દિવસની પૂર્વસંધ્યાએ નારી સશક્તિકરણ કાર્યક્રમ

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૮

ક્રીએટીવ ગ્રુપ ઓફ વીમેન્સ દ્વારા માતૃ દિવસની પૂર્વ સંધ્યાએ નારી શશકતી કરણને ધ્યાનમાં રાખી આવતી કાલે વાઘોડીયા રોડ ખાતે વકૃત્તવ સ્પર્ધા અને ગીત, સંગીત અને નાટ્યમંચન થી ઉજવણી કરવામાં આવનાર છે.

સ્વ. કલ્પનાબેન રાહુલભાઇ ભટ્ટની સ્મૃતિમાં યોજાનાર આ કાર્યક્રમમાં બી.આર.જી. ગ્રુપના ચેરમને શ્રીમતી લતાબેન ગુપ્તા અને ડાયકેરકટર શ્રીમતી અપેક્ષાબેન ખાસ ઉપસ્થિત રહેનાર છે. સાંજે ૪ થી ૬ માં યોજાનાર આ કાર્યક્રમમાં ૧૬ વકતાઓ વકૃત્વસ્પર્ધા અને ૮ પ્રસ્તુતી ગીત, સંગીત અને નાનું નાટક રજુ કરનાર છે. ક્રીએટીવ ગ્રુપ ઓફ વીમેન્સના પ્રમુખ ડૉ. કીરણબેન ગંજુ અને માહિતી આપતા જણાવ્યું કે અમારૂ ગ્રુપ ૬૦૦ બહેનોનું છે. અને નારી શકતીકરણ અને સ્ત્રીઓને આર્થિક રીતે પગભર કરવા પ્રયત્નશીલ છે. રાધિકાભવન વાઘોડીયા રોડ ખાતે આ કાર્યક્રમ સાંજે ૪ થી ૬ માં યોજાનાર છે.

પોલીસ દ્વારા મંદ ગતિએ કાર્યવાહી કરાતી હોવાનો આક્ષેપ

કોયલીના યુવક પર સિક્યોરિટી ગાર્ડ સહિત 4 લોકોનો જીવલેણ હુમલો

ઇજાગ્રસ્તના પરિવારની પોલીસ કમિશનર સમક્ષ રજુઆત ,હત્યાના પ્રયાસની કલમ ઉમેરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.૮

વડોદરાના કોયલી વિસ્તારમાં યુવક પર સિક્યોરિટી ગાર્ડ સહિત ચાર લોકોએ જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. હુમલામાં યુવકને માથામાં ગંભીર ઈજા પહોંચતા તેને હોસ્પિટલમાં દાખલ કરાયો છે. બીજી તરફ ઇજાગ્રસ્તના પરિવારે જવાહરનગર પોલીસ પર યોગ્ય કાર્યવાહી ન કરવાના આક્ષેપ સાથે પોલીસ કમિશનરને રજૂઆત કરી છે.

બાજવા વિસ્તારમાં રહેતા અરુણભાઈ ગણપતભાઈ ચાવડાએ જવાહરનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, 6 મેની રાત્રે તેઓ પોતાના મિત્ર કુશાન ધનસિંહ ચૌહાણ સાથે બાઈક પર કોયલી સ્થિત આઈઓસીએલ પ્રોજેક્ટ સાઈટ તરફ જઈ રહ્યા હતા. તેમના મિત્ર ઉપેન્દ્રસિંહ ચૌહાણને પેરામાઉન્ટ કંપનીનું કામ મળ્યું હોવાથી તેઓ સાઈટની મુલાકાતે ગયા હતા.

આ દરમિયાન ન્યુબર્ગ કંપનીના ગેટ પાસે હાજર સિક્યોરિટી ગાર્ડ સુરેશ પરમારે રસ્તો બંધ હોવાનું કહી તેમને અટકાવ્યા હતા. આ બાબતે બોલાચાલી થતાં સુરેશ પરમારે કુશાનને થપ્પડ મારી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ અંદરથી વધુ ત્રણ વ્યક્તિઓ દોડી આવ્યા હતા. સિક્યોરિટી ગાર્ડ મેહુલ પઢીયારે પણ ઝપાઝપી કરી કુશાનને ધક્કો માર્યો હતો અને અન્ય લોકોને ફોન કરીને બોલાવ્યા હતા.

થોડીવારમાં ભરત દલસુખ મકવાણા અને રોહિત ભાથી ચૌહાણ સ્થળ પર આવી પહોંચ્યા હતા. આરોપ છે કે ભરત મકવાણાએ લાકડાના ડંડાથી કુશાનના માથામાં હુમલો કર્યો હતો જ્યારે રોહિત ચૌહાણે લોખંડની સળીયાથી શરીરે માર માર્યો હતો. મિત્રને બચાવવા વચ્ચે પડેલા અરુણભાઈ સહિત અન્ય યુવકો સાથે પણ ગડદાપાટુ અને ઝપાઝપી કરવામાં આવી હતી.

બેંક ઓફ બરોડા - નિઝામપુરા શાખા
Bank of Baroda
૨-૩/એ, સહયોગ કોમ્પ્લેક્સ, કમલકુંજ સોસાયટી, નિઝામપુરા, વડોદરા – ૩૯૦૦૦૨.
ફોન: ૦૨૬૫-૨૭૮૨૩૦૩. ઈ-મેલ: NIZAMP@BANKOFBARODA.COM

પરિશિષ્ટ ૪-[નિયમ - ૮(૧)]
કબજાની સૂચના
(સ્થાવર મિલકત માટે)

જ્યારે, બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી તરીકે, નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઇઝેશન અને રિક-સ્ટ્રક્શન અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ 3 સાથે વાંચવામાં આવતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, નીચે સહી કરનાર, તારીખ **૨૧-નવેમ્બર-૨૦૨૫** ના રોજ એક ડિમાન્ડ નોટિસ જારી કરી હતી જેમાં મિલકતના ઉધાર લેનાર/ગેરંટર/માલિક **મેસર્સ રાધા રમન એન્ટરપ્રાઇઝ, શ્રી રાજેશકુમાર બાલુભાઈ વાઘાસિયા [માલિક] અને શ્રીમતી મનીષાબેન રાજેશભાઈ વાઘાસિયા [ગેરંટર]** ને ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે કહેવામાં આવ્યું છે. **રૂ. ૧,૨૮,૬૮,૦૪૨.૮૯ (એક કરોડ અઠ્ઠાવીસ લાખ અડસઠ હજાર ચારસો અઠ્ઠાવીસ અને નિવ્યાસી પૈસા માત્ર)** આ નોટિસની તારીખથી વધુ વ્યાજ સાથે નોટિસની તારીખથી / ઉપરોક્ત નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર તેના પર ખર્ચ, ખર્ચ વગેરેની ચુકવણીની તારીખ સુધી.

લોન લેનાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, લોન લેનાર, કાનૂની વારસદારો (જાણીતા - અજાણ્યા), કાનૂની પ્રતિનિધિઓ (જાણીતા - અજાણ્યા), ગેરંટર અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે માનનીય બીજા વધારાના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ ન્યાયાધીશ, વડોદરા, આદેશ: સીઆરએમજે નં.: ૨૩૦૦/૨૦૨૬ મુજબ નીચે સહી કરનારે આ ૦૩.૦૫.૨